# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

**ગુજરાત વિધાનસભા, ગાંધીનગર**

**અખબારી યાદી** **તા. ૧૦-૫-૨૦૧૨**

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે સંસ્કાર અને કલાની નગરી વડોદરાના રાજવી શ્રીમંત મહારાજા રણજીતસિંહજી ગાયકવાડના અવસાન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરતાં અને શ્રદ્ધાંજલિ અર્પતાં જણાવ્યું હતું કે, સ્વ. શ્રી રણજીતસિંહજી ગાયકવાડની તા. ૨૨-૧૨-૧૯૮૮ના રોજ મહારાજા તરીકે તાજપોશી થઈ હતી. મહારાજા હોવા છતાં તેઓ કોઈ ઠાઠમાઠ ભોગવતા નહોતા અને સાદગીપૂર્ણ જીવન જીવતા હતા. તેઓ પોતાનું કામ પોતે જ કરવાનો આગ્રહ રાખતા હતા. વર્ષ ૧૯૬૪-૬૭ દરમ્યાન તેઓ વડોદરાની સુપ્રસિદ્ધ એમ. એસ. યુનિવર્સિટીમાં ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના પ્રાધ્યાપક રહ્યા હતા. તેઓશ્રી ૧૯૮૦-૮૪ તથા ૧૯૮૪-૮૯ સુધી બે વખત વડોદરાના સાંસદ તરીકે રહ્યા હતા અને વડોદરા શહેરના સળગતા પ્રશ્નોના નિરાકરણ માટે સતત ચિંતિત રહેતા હતા. વડોદરા શહેરના પ્રશ્નોના નિરાકરણ અર્થે તેઓ સેવાસદન, પોલીસ કે જિલ્લા વહીવટી તંત્રને પત્ર લખતા પણ ખચકાતા નહોતા. શિક્ષણ, કલા અને જાહેર જીવન સાથે સંકળાયેલ સ્વ. શ્રી રણજીતસિંહજી ગાયકવાડ એક સારા ક્રિકેટર પણ હતા. સ્વ. શ્રી રણજીતસિંહ ગાયકવાડના અવસાનથી સમગ્ર ગુજરાતે એક નિષ્ઠાવાન આગેવાન ગુમાવ્યા છે તેમ શ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું.

આવતીકાલ તા. ૧૧-૫-૨૦૧૨ને શુક્રવારના રોજ સ્વ. શ્રી રણજીતસિંહજી ગાયકવાડની સવારે ૯-૦૦ કલાકે લક્ષ્મીવિલાસ પેલેસ, વડોદરા ખાતેથી નીકળનાર સ્મશાનયાત્રામાં માન. વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહજી ગોહિલ જોડાશે.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહજી ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)**
અંગત મદદનીશ